Vitraag Vigyaan

અનન્ય પરિવર્તન

May 2016, Mumbai • Volume 6 • Issue 3



જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્મપણે થઇ વકતવ્યપણે જે પ્રકારે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂજ્ય રમાબેન પ્રવિણચંદ્ર મહેતા – પરમ પૂજ્ય મમ્મીજી

આપણા સહુના પ્રેરણામૂર્તિ માતા



પરમ પૂજ્ય મમ્મીજીના પ્રેરણાદાયી વચનો

હર હાલ મેં ખુશ રહેના.

આ બાજુનું કરો - આ બાજુનું થઇ રહેશે.

પરની મારે શી પંચાત, હું શુદ્ધ આત્મા છું.

ગુણ ગ્રાહ્ય દ્રષ્ટિ કેળવો.

કર્મથી ભાગવાનું નથી, ભોગવીને છૂટવાનું છે.

નિમિત્ત આપવું નહિં, નિમિત્ત બનવું નહિં.

નિરાગીને રાગ કરવાથી નિરાગી થવાય છે.

અનુક્રમણિકા

પ્રાર્થનામૃત ૩

પત્રોની પાંખે ૪

જ્ઞાન સાગર ૫

पूज्यश्री की अमृतवाणी ૯

The Master's Voice ૧૩

SRATRC Kolkata ૧૬

મુમુક્ષુની કલમે ૧૯

પ્રશ્નોત્તરી ૨૨

મારું સમ્યક્દર્શન ૨૪

પ્રેરક પ્રસંગ ૨૭

RIYF ૨૮

મારા જીવનના મૂર્તિકાર - મારા સદ્ગુરુ ૩૦

Shree Raj Medical Centre ૩૩

आयुर्वेदिक दोहे ૩૪

एक प्रेरणात्मक सत्य कथा ૩૬

Health To Happiness ૩૮

Relationships ૪૦

The Reader's Forum ૪૨

Laughter is the Best Medicine ૪૩

Tasty Bites ૪૪

તત્ત્વ ઉકેલ ૪૫

Forthcoming Events ૪૬

From Us... to You ૪૭

Sponsorship ૪૮



‘મારા ઘટમાં બિરાજતા શ્રી રાજ જી, જિનવરજી, મહાવીરજી...’

જગતને જીતે તે વીર, સ્વયંને જીતે તે મહાવીર. અનેક ઉપસર્ગો સામે અવિચળ રહેવાનું સામર્થ્ય ધરાવનાર પ્રભુ સાચા અર્થમાં ‘મહાવીર’ હતા. સત્ય, પ્રેમ, કરૂણા, સમતા, શાંતિ, અહિંસા, દયા, મૈત્રીના ભાવ સાથે સંયમનું આચરણ કરી, પ્રાણીમાત્રને મોક્ષમાર્ગની પ્રેરણા આપી, દરેક આત્મા પરમાત્મા બની શકે છે એવી દિવ્ય દ્રષ્ટિ આપી.

ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના અવસરે, એમના અંતેવાસી શિષ્ય શ્રીમદ્ રાજચંદ્ર, પરમ કૃપાળુ દેવના વચનામૃતનું પાન કરતાં, પ્રત્યક્ષ જ્ઞાનીના આશ્રયે અધ્યાત્મ માર્ગે ચાલી આત્માનું કલ્યાણ કરીએ એ જ સહુને શુભેચ્છા.

પરમાર્થ માર્ગે આગળ વધવા ભગવાનની ભક્તિ એ સહુથી ઉત્તમ સાધન છે. ભગવાનના ગુણોનું સ્મરણ કરતાં કરતાં આપણા દોષો ક્રમશઃ દૂર થાય છે. તેના માટે પરના વિચારને છોડી સ્વ તરફ વળવાનું છે. સામે પક્ષે ભગવાન પણ નિષ્કારણ કરૂણાવંત છે. તેમને ભક્ત પાસેથી બીજું કાંઈ જોઈતું નથી, પણ એ કર્મથી રહિત થાય એટલો જ લક્ષ રાખે છે. જીવને શિવ સુધી લઈ જવાનું કાર્ય ઈશ્વર આત્મા જ કરે છે.

આ અંક જ્યારે તમે વાંચતા હશો ત્યારે આપણા સહુના વહાલા, પરમ ઉપકારી, પરમ પૂજ્ય મમ્મીજીનો જન્મ દિવસ આપણે ઉજવ્યો હશે. પૂજ્ય મમ્મીજી એટલે નિષ્કામ પ્રેમની સાક્ષાત મૂર્તિ, ગુણોનો ભંડાર, પૂજ્યશ્રીના હૃદયસખા, મુમુક્ષુઓના પરમાર્થ સખા વિગેરે વિગેરે જેટલી ઉપમાં આપીએ એટલી ઓછી પડે. પૂજ્ય મમ્મીજીના જન્મ દિવસે એમના આત્મિક ગુણોને યાદ કરી આપણા સહુના ભાવવંદન કરીએ.

મિત્રો.... આવતો અંક ગુરુપૂર્ણિમાનો અંક, નવા રૂપરંગ સાથે આવકારવા તૈયાર રહેજો.

રત્નત્રય

હું.... આત્મા છું.... હું ..... આત્મા છું...

જ્ઞાન, દર્શન, ચારિત્ર એ મારો સ્વભાવ...

જ્ઞાન વડે જાણું..... દર્શનથી શ્રદ્ધું..... ચારિત્રથી સ્વમાં સ્થિર થાઉં... મારામાં જ્ઞાન.... દર્શન..... ચારિત્રનો ઉપયોગ સ્થિર કરું.....આજ સુધી પરને જાણવામાં....પરમાં શ્રદ્ધા કરવામાં.... પરભાવમાં સ્થિર કરવામાં.... મે મારો ઉપયોગ જોડયો છે.....

હવે પરથી હું પાછો ફરું.... નિજ આત્માને જાણું.... આત્માના સ્વરૂપને જાણું.... આત્મ સામર્થ્યની શ્રદ્ધા કરું..... સ્વમાં સ્થિર બનું.... પરનું જ્ઞાન.... પરની શ્રદ્ધા.... પરની સ્થિરતા..... જન્મ મરણ જોઈતા નથી..... માટે જ પરથી પાછો ફરી ..... સ્વમાં સ્થિર થઈ..... જન્મ મરણની જંજીરને તોડી નાખું..... સિદ્ધ થાઉં.....બુદ્ધ થાઉં.....મુક્ત થાઉં.....મારી જ્ઞાન-દર્શન-ચારિત્રની ..... શક્તિ વડે જ..... હું મને પામી શકું છું..... મારે મને પામવો છે..... મને જાણવો છે..... મને માણવો છે.....

હું ..... આત્મા છું..... હું ..... આત્મા છું.....



ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સૌજન્ય : પૂ.ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીના પુસ્તક 'આત્મચિંતન'માંથી.

પત્રોની પાંખે



નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્ય શ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દૃષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

પત્ર વાંચી આનંદ થયો.

વ્યવહાર અને પરમાર્થ એક બીજાથી એકદમ જુદી દિશામાં છે અને કોઈ કાળે બન્ને વચ્ચે સમાનપણું ન જ આવી શકે. જે ભાવો લખ્યા તેમાં નિખાલસતા અને અમુક અત્યંત અત્યંત ખાનગી ભાવોની કબૂલાત જાણીને આનંદ થયો.

પરંતુ...

ઉપરના વાક્યમાં જે લખ્યુ તે હૃદયગત થાય તેમ ઈચ્છા છે. આવા ભાવો જણાવ્યાથી જ આગળ - પરમાર્થે વધાશે. તેમ નથી. છતાં ભાવો વિદિત કર્યા વગર તો ક્યારેય કલ્યાણ નથી. તો જરૂર જરૂર વિચારશો શું કરવાનું બાકી રહે છે; કરવાનું એટલે વિચારવાનું. મને તો મારા અનુભવથી લાગે છે જીવે ક્યારેય અનંતકાળથી અત્યાર સુધીમાં પ્રેમનું સ્વરૂપ જાણ્યું જ નથી, અને જીવને પોતાની કલ્પનાએ કે પોતાની મેળે વિચાર્યે ક્યારેય સમજાય તેવું પણ નથી. પ્રભુના અનુગ્રહે અને પૂર્વ પૂણ્યના જોગે તે સમજાય તેમ છે. અથવા જ્ઞાનીના આશ્રયે, તીવ્ર જીજ્ઞાસાએ, અને અવિરત ઝંખનાએ, પોતાની સર્વ કલ્પના માન્યતા છોડ્યે સમજાય છે. આમ છે ત્યારે 'કોઈ કરતાં કોઈ બીજા ઉપર વધારે પ્રેમ આવે છે' તે વાક્ય જ યથાર્થ થઈ જાય છે.

ઈશ્વરની પ્રસાદી એવો જે દિવ્ય પ્રેમ તે સૌ જીવો જલ્દી સમજી અનુભવે અને કૃતાર્થ થાય એજ ભાવના, અભિલાષા.

જ્ઞાની, ગુરુ કે ભગવાન ઉપરનો પ્રેમ પણ ''ઈશ્વરની પ્રસાદીરૂપ પ્રેમ'' નથી એમ સમજશો. અને જ્યારે તેવો પ્રેમ થાય છે પછી નિર્વાણ દૂર, તે જીવોને નથી રહેતું. ◆



ભક્તિના સાધનો અને પ્રાર્થના ક્રમ

પ્રાર્થના એ અલૌકિક તત્વ પામવાનું ઉત્તમ સાધન છે. તેનું ફળ અદ્‌ભુત અને અચૂક છે. પાપી પણ તેમાં ડુબકી દઈને પુણ્યશાળી બને છે. સાચી રીતે પ્રાર્થના કરવાથી જીવને આત્મ તત્વ ચોક્કસ પ્રાપ્ત થાય છે.

પ્રાર્થનાનું ફળ અદ્‌ભુત છે એટલે ભૂતકાળમાં કોઈ ભવમાં ક્યારેય નથી મળી એવા ફળની પ્રાપ્તિ થાય છે; અચૂક એટલે ભૂલ નથી પડતી, જીવને અપૂર્વ એવું ફળ ચોક્કસ પ્રાપ્ત થાય છે.

સૌજન્ય : એક મુમુક્ષુ, મુંબઈ

કર્મશાસ્ત્ર પ્રમાણે લોભે કરીને જે માંગીએ એ મળે નહીં પણ જાય, દ્વેષે કરીને જે માંગીએ તે ગળે વળગે.

પ્રાર્થનાની અંદર એટલું બધું સામર્થ્ય છે કે પ્રાર્થનાનાં સરોવરમાં જો સાચા હૃદયના ભાવથી ડૂબકી મારેલી હોય તો પાપ ધોવાઈ જાય છે, ચોક્કસ ધોવાઈ જાય છે. લોકો ગંગા નદીમાં દૂર દૂર જઈ અને ડુબકી મારે છે પણ ઊંડા ઊંડા ડૂબતા જાય છે, કોઈ તરીને બહાર નથી નીકળ્યા.

પ્રાર્થના તો બધા કરીએ છીએ, તો પ્રાર્થના ક્યાંથી થવી જોઈએ? પ્રાર્થના કોને કરવી જોઈએ? પ્રાર્થના મસ્તકથી કે હૃદયથી થવી જોઈએ? પ્રાર્થના કરી કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા છે? તો એ લોભ છે અને કર્મશાસ્ત્ર પ્રમાણે લોભે કરીને જે માંગીએ એ મળે નહીં પણ જાય, દ્વેષે કરીને જે માંગીએ તે ગળે વળગે. ભવોભવથી જે આપણે સમજીએ છીએ એનાથી કંઈક જુદી રીતે પ્રાર્થના કરવાની છે, એટલું ચોક્કસ ફીટ થઈ જવું જોઈએ. આપણે પોતાની મેળે કરવાનું શરૂ કરી દઈએ તો એ સ્વચ્છંદ નામનો દોષ છે જે અનાદિકાળથી ક્યારેય ઓળખાતો નથી. અને કોઈપણ જીવ કોઈપણ ભવમાં પોતાની મેળે આ દોષ ટાળી ન શકે.

જેમ જેમ હૃદયપૂર્વકના ભાવ વધતા જાય છે તેમ તેમ પ્રાર્થનાનું બળ વધે છે, ને ભગવાન પાસે આગળ આગળની દશા માટે શું માગવું તે સમજાતું જાય છે.

પ્રાર્થના હૃદયથી થવી જોઈએ. પ્રાર્થનામાં ભગવાન પાસે કંઈક માંગવાનું રહે છે. તો ભગવાન કોણ છે? અને શું આપી શકે છે? એવી જ્યાં સુધી સમજણ ન હોય અને ખોટી જગ્યાએ માગવામાં આવે તો સાચી વસ્તુ તો ન જ મળી શકે ને? જેની પાસે જે વસ્તુ છે, અને જે વસ્તુ આપણને જોઈએ છે, એ માગવામાં આવે તો મળી શકે. તીર્થંકરદેવ એક શુદ્ધ સ્વરૂપી આત્મા સિવાય પોતાનું કાંઈ નથી માનતા અને સંસારના જડ પદાર્થોને વિષ્ટા સમજી છોડી દીધા છે, એમની પાસે સંસાર માંગીએ તો મળે? વીતરાગ ભગવાન પાસે જ્યારે પ્રાર્થના થાય ત્યારે સંસાર તો માંગી ન શકાય અને સંસાર જેની પાસે માગીએ એ મોક્ષનું કારણ તો ન જ બને. એટલી જો સમજણ ન હોય તો એ મનુષ્યપણાને ધિક્કાર છે. વીતરાગ વિજ્ઞાન જેણે જાણેલું છે, એમની પાસે હૃદયપૂર્વકની પ્રાર્થના થાય તો તત્વ મળી શકે.

જેમ બાળક બોલતાં શીખવાનું શરૂ કરે છે ત્યારે પ્રથમ અસ્પષ્ટ અને અસંબધિત શબ્દો ઉચ્ચારે છે, પરંતુ ધીમે ધીમે બોલતાં બોલતાં જ સ્પષ્ટ બોલવાનું શીખે છે. પ્રાર્થનાના પ્રથમ અભ્યાસી, પ્રાર્થના કરતાં કરતાં સાચી હૃદયપૂર્વકની ગહન અને ગંભીર પ્રાર્થના કરવાનું આપોઆપ શીખે છે.

જેમ સમય જતો જાય છે એવી રીતે પ્રાર્થનાનું સ્વરૂપ પણ બદલાતું જાય છે. અવારનવાર કહીએ છીએ કે પોતાનું જે લખેલું છે એ વાંચતા રહો અને એની ઉપર પછી ચિંતવન, મનન કરતા રહો તો આપોઆપ બધી વસ્તુની શુદ્ધિ થતી જશે, વધારે ઊંડાણથી સમજાતું જશે.

ભગવાન અને ભક્ત
હે ભગવાન !

આપ વીતરાગી છો,	હું રાગી છું.
આપ ક્ષમાવંત છો,	હું ક્રોધથી ભરપૂર છું.
આપ દયાવંત છો,	હું દયાહીન છું.
આપ વીર્યવંત છો,	હું નિર્વીર્ય છું.
આપ અકષાયી છો,	હું સકષાયી છું.
આપ નિર્મોહી છો,	હું મોહથી મુંઝાયેલો છું.
આપ નિષ્પાપ છો,	હું સપાપ છું.
આપ પવિત્ર છો,	હું અપવિત્ર છું.
આપ અપ્રમાદી છો,	હું પ્રમાદી છું.
આપ સર્વજ્ઞ છો,	હું અલ્પજ્ઞ છું.
આપ નિર્ભય છો,	હું ભયવાળો છું.
આપ અજરામર છો,	હું મરણશરણ છું.
આપ આત્માનંદી છો,	હું પુદ્ગલાનંદી છું.
આપ આત્મરસભોગી છો,	હું વિષયરસભોગી છું.
આપ અમૃતરસના કુંભ છો,	હું કટુરસનો કુંભ છું.
આપ સમતાના સાગર છો,	હું વિષમતાનો અગર છું.
આપ શાંતિના સરોવર છો,	હું અશાંતિથી ભરપૂર છું.
આપ ગુણગુણના ભંડાર છો,	હું અનંત દોષથી સભર છું.

ભગવાનના જે જે ગુણો છે એને સ્મરણ કરતાં રહીએ કે આપ શાંતિના સરોવર છો અને હું અશાંતિથી ભરપૂર છું; આટલું જ્યારે ઉંડાણથી સતત ચાલ્યા કરે કે હું અશાંતિથી ભરપૂર છું અને આપ શાંતિના સાગર છો, તો ધીમે ધીમે અશાંતિ દૂર થાય; દોષો દૂર થવાના જ છે. આટલા વખત સુધી વિનંતી ને પ્રાર્થના સંસાર વધારવા માટે જ કરી છે ને ?

ભગવાનના જે કાંઈ ગુણો છે એ અડધો કલાક, દસ મિનિટ, રાતના સૂતી વખતે, સવારે ન્હાતી વખતે, લીફ્ટમાં

હજાર દોષ વારંવાર કરીએ અને છતાંય સ્વીકાર્યા કરે એ ઈશ્વર તત્વ છે એ સમજવા જેવું છે.

ઉતરતાં - ચઢતાં, જ્યારે બીજા કોઈ કામ ન હોય ત્યારે વારંવાર બોલ્યા કરીએ, તો હૃદયથી જ્યારે બોલીએ છીએ તો અમુક અપેક્ષાએ હૃદય એ જ આત્મા છે; તો અજ્ઞાન દશાની અંદર હૃદયને આત્મા સમજીએ તો કોઈ જાતની ભૂલ નથી. વર્ષો જતાં પછી આત્માનું સત્‌સ્વરૂપ જેમ છે એમ ક્રમશઃ ચોક્કસ સમજાશે. આ રીતે પ્રયોગો ચોક્કસ થવા જોઈએ. અંતરના ઊંડાણથી આવું રટણ ચાલ્યા કરશે તો બધા શાસ્ત્રોનો સાર આત્માને ડાયરેક્ટ મળી જશે એમ ચોક્કસ માનજો.

આપણે જ્યારે ભગવાનને કહીએ હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો અથવા હે પ્રભુ ! શું કહું ત્યારે ચોક્કસ આપણને ખબર છે કે કોને સંબોધીને કહીએ છીએ. જ્યારે આખુ જગત કહે કે હે ભગવાન ! તો જે ભગવાનને ઓળખતા નથી, જે ભગવાનની પૂરી જાણકારી નથી એમને ખાલી શબ્દથી ઓળખીયે છીએ. પરમાર્થનો એક એક શબ્દ જ્યારે બોલો તેની ઉપર વિચાર ચાલવો જોઈએ. હે પ્રભુ ! બોલો ત્યારે તમારી સામે એક આકૃતિ હાજર થવી જોઈએ હું એમને કહું છું, પછી એ ખોટી હોય તો પણ ચાલે, પણ એને જ વળગી રહેવાનું એ સાચી થઈને જવાબ આપશે.

હે પ્રભુ ! ગમે તેવો પાપી, અનંત દોષથી ભરેલો, એક પણ ગુણરહિત, રાગી અને મોહી જીવ પણ જો આપનામાં પ્રેમ રાગ કરી આપને શરણે આવે છે તો તેને આપ પૂર્ણ પ્રેમથી સ્વીકારો છો, તેના પાપદોષ જોઈ તિરસ્કાર કરતા

સૌજન્ય : એક મુમુક્ષુ, મુંબઈ

જો ૨૪ કલાક અખંડપણે બીજા વિશેના ભાવ રહેતાં હોય તો સમજી લેવું કે ગમે તેટલી ધર્મની વાતો કરતાં હોય પણ કર્મથી રહિત નથી થતાં; ભયંકર એવા કર્મનું બંધન કરે છે.

નથી, એ આપની નિષ્કારણ કરૂણા આશ્ચર્ય ઉપજાવે છે.

ભગવાને સંપૂર્ણપણે તમને સ્વીકારી લીધા છે, તમારા પોતાના માની લીધા છે. ગમે તેવા પાપ, દોષ જોઈ તેના પ્રત્યે ઘૃણા, તિરસ્કાર, દ્વેષભાવ કરતાં નથી; ફક્ત દયાભાવ, કરૂણાભાવ આવે છે કે આ જીવે કેવા કેવા કર્મ બાંધેલા છે કે આટલા આટલા દોષથી આ જીવ ભરેલો છે. હવે કઈ રીતે એ જીવને કલ્યાણનું કારણ થાય.

જીવ એટલે કે આત્મા તો શુદ્ધ, પરમશુદ્ધ જ છે. જે કંઈ દોષ છે એ કર્મના કારણે ઉત્પન્ન થયેલ કર્મજન્ય છે; એવા કર્મનું એ ફળ ભોગવી રહ્યા છે. તો અત્યંત એવી દયા આવે કે રોગની બિચારાને ખબર નથી; આ સહજ ઉપાય કરીએ તો દોષો દૂર થશે. જેને આપણા પ્રત્યે દ્વેષ ચાલતો હોય તો સમજી લેવું એ ભગવાન સ્વરૂપ નથી જ. હજાર દોષ વારંવાર કરીએ અને છતાંય સ્વીકાર્યા કરે એ ઈશ્વર તત્વ છે એ સમજવા જેવું છે.

''એ આપની નિષ્કારણ કરૂણા આશ્ચર્ય ઉપજાવે છે.''

એવા પુરુષ જેને આત્મા સંપૂર્ણપણે પ્રાપ્ત છે, આત્માની રિદ્ધિ, સિદ્ધિ, સંપત્તિ પ્રાપ્ત છે એને આપણે શું આપી શકવાના છીએ ? હવે જેની ઉપર નિષ્કારણ કરૂણા કરી છે એમ કહીએ ત્યારે તેનો અર્થ એટલો જ થાય છે કે સામી વ્યક્તિ પાસેથી એને કંઈ કરતા કંઈ જોઈતું નથી પણ જીવ કર્મથી રહિત થાય એટલો જ લક્ષ માત્ર એનો રહે છે. આ છે નિષ્કારણ કરૂણા.

''અહો ! આપને આપના સમસ્ત બાળકો પ્રતિ કેવો અનન્ય અને અનુપમ લોકોત્તર પ્રેમ છે !'' અને વળી જે બાળક આપના જેવા અનંત, અવ્યાબાધ, સહજ, આત્મિક સુખની ઈચ્છા કરે છે, તેને તો આપ ઉત્તરોત્તર યોગ્યતાનુસાર વિશેષ વિશેષ સાથ આપી સનાથ કરો છો અને તેની આત્મદશા ઉંચે ને ઉંચે લઈ જાઓ છો.

સંસારનો જે કંઈ સ્વાર્થી પ્રેમ છે, અપેક્ષિત પ્રેમ છે, જ્યાં એકબીજાને પ્રેમ કરીએ છીએ ત્યાં ચોક્કસ અપેક્ષા છે કે તારે કેમ વર્તવું એ ૨૪ કલાક યાદ રહે. આજે આ સૌથી મોટો જો દોષ દેખાતો હોય તો આપણે બધાએ ખૂબ ખૂબ વિચાર કરવાનો છે કે, 'સ્વ'ને વિશે કેટલો વિચાર ચાલે છે અને 'પર'ને માટે કેટલો વિચાર ચાલે છે. ચોવીસે કલાક આમણે આમ કર્યું, આમણે તેમ કર્યું, એ જ વિચાર ચાલતાં હોય અને આપણી સમક્ષ કોઈપણ વ્યક્તિ યોગ્ય કે અયોગ્ય, પાત્ર કે કુપાત્ર એવી વ્યક્તિને સમજ્યા વગર એની પાસે કુથલીઓ ચાલતી હોય કે, બીજાનાં દોષનું વર્ણન કર્યાજ કરવું કે આ તો આવા છે ને આ તો તેવા છે, ને સમજતાં નથી, અમે તો આવા છીએ; જો ૨૪ કલાક અખંડપણે બીજા વિશેના ભાવ રહેતાં હોય તો સમજી લેવું કે ગમે તેટલી ધર્મની વાતો કરતાં હોય પણ કર્મથી રહિત નથી થતાં; ભયંકર એવા કર્મનું બંધન કરે છે. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

स्वच्छंद

जीव स्वयं जो मानता है वह सही... ज्ञानी और मूर्ख आत्मा स्वयं जो समझता है, ''मैं जो जानता हूँ'' वही सच ऐसा मानना वही स्वच्छंद है। पदार्थों का महत्व कम करें और संसार के विचार जितने हो सके कम करें तो आत्मा भावात्मक पदार्थ होने से स्वयं अपना विचार निश्चित करेगा ही।

ज्ञानी पुरुष को पहचानना अत्यंत अत्यंत दुष्कर या कठिन है। और जब ज्ञानी पुरुष को पहचानना इतना कठिन है तो फिर उनके उपर श्रद्धा तो आ ही नहीं सकती। संसार में जब जब श्रद्धा करते हैं तब १००% आपको पता होता है कि यह व्यक्ति मेरे लिये सहायक है, कल्याणका कारण है जैसे माँ-बाप, भाई, शिक्षक आदि। इसलिये ये ज्ञानी हैं कि नहीं इसका विचार किये बिना अगर हमारे कोई प्रियजन कहें की यह बडे पुरुष हैं, मानने जैसे हैं तो शुरुवात में हमें अंधश्रद्धा से या किसी के कहने पर श्रद्धा करनी पड़ती है। फिर जीवन में कभी जो अनुभव नहीं हुआ है ऐसा आनंदकारक या विस्मयकारक अनुभव होता है और प्रतीति मिलती है और श्रद्धा बलवान होती है। जीव की दशा जैसे बढ़ती जाती है, श्रद्धा बलवान होती जाती है तथा कुछ आगे की दशा प्राप्त होती है, तब गुरु परीक्षा लेने के लिए कुछ ऐसा वर्तन करते हैं कि श्रद्धा टूट जाती है। जीव को लगता है कि बड़ी भूल हो गई, ज्ञानी के पीछे इतने वर्ष व्यर्थ गये। यदि गहरा विचार करें तो ज्ञानी पुरुष की पहचान हो सकती है। ज्ञानी पुरुष की जब तक यथार्थ पहचान ना हो तब तक बलवान श्रद्धा नहीं हो सकती और सद्गुरु का उपदेश परिणाम भी नहीं पाता।

ज्ञानी पुरुष की जब तक यथार्थ पहचान ना हो तब तक बलवान श्रद्धा नहीं हो सकती और सद्गुरु का उपदेश परिणाम भी नहीं पाता।

बोध याने देशना के रुप में ज्ञानी २०-२०, २५-२५ वर्ष तक सत्संग देते हों तो भी इच्छित परिणाम नहीं आता। इसलिये बहुत बार ज्ञानी प्रेक्टीकल बोध, अपने वर्तन से देते हैं, जो जीव को तुरंत ही स्पर्श कर जाता है। क्योंकी ज्ञानी जो अनुभव से जानते हैं, वैसा आंशिक अनुभव जो किसी भी भव में कभी हुआ नहीं वैसा सामनेवाले जीव को करा देते हैं। तब जीव को आश्चर्यकारक लगता है और फिर श्रद्धा बलवान होकर बढ़ती रहती

सौजन्य : भव्य वसंत शाह, मुंबई

सद्गुरु के उपदेश के बिना अनादि काल के कर्म टूटते नहीं और वह टूटे बिना ज्ञान - दर्शन की प्राप्ति नहीं होती।

है। इस तरह जब बहुत आगे बढ़ जाते हैं, तब मुश्किल से मुश्किल परीक्षा लेने में आती है और नहीं करने जैसा कोई कार्य ज्ञानी करते हैं जिस कारण से श्रद्धा टूट जाती है। यहाँ अगर श्रद्धा ना टूटे तो २-३ सीढ़ी ऊपर चढ़ जाते हैं।

अतः इस जगह महत्वपूर्ण बात यह है कि सद्गुरु के उपदेश के बिना अनादि काल के कर्म टूटते नहीं और वह टूटे बिना ज्ञान - दर्शन की प्राप्ति नहीं होती। ऐसे ज्ञानी किसी काल में ना हो ऐसा हो ही नहीं सकता पर उन्हें पहचानना अत्यंत अत्यंत मुश्किल होता है। ''ज्ञानी चाहे जैसा वर्तन करते हो, उनकी देह की क्रिया चाहे जैसी हो, पर उनकी आत्मा का बोध हृदय को स्पर्श करता है? यदि करता हों तो फिर देह की किसी भी क्रिया के साथ उसकी तुलना नहीं होनी चाहिये। ऐसा हो तो जीव की दशा बढ़ने में समय नहीं लगता। आत्मा का विकास करना हो पर दृष्टि जड़ देह जो पूर्व कर्म के कारण है, उस पर हो तो ऐसी दृष्टि में भेद होने से दशा बढ़े भी कैसे?

ज्ञानी के देहकी वर्तना पूर्व कर्म के कारण हो रही है पर अंतरंग इच्छापूर्वक ज्ञानी ऐसा कर नहीं रहे हैं ऐसा विचार होने पर, जीव आगे बढ़ जाता है। जैन दर्शन में ही ऐसा उदाहरण है - जहाँ गुरु छदमस्थ हैं और शिष्य ने केवलज्ञान की प्राप्ति कर ली है। यह सब जैन दर्शन के अद्भुत रहस्य हैं। एक बार बलवान श्रद्धा हो गयी फिर वह श्रद्धा किस तरह स्थिर रहे उसके लिये गुरु की देह चेष्टा के स्थान पर दिव्य दृष्टि होगी तो उनकी आत्मा में कैसे भाव चल रहे हैं वह ध्यान रहेगा। तो विकास होने में समय नहीं लगता।

आगल ज्ञानी थई गया,
वर्तमानमां होय;
थाशे काल भविष्यमां,
मार्ग भेद नहीं कोय।

आत्म सिद्धि गाथा १३४

आत्म प्राप्त ज्ञानी के बिना मोक्ष का मार्ग असंभवित है। अगर तीनों काल में ऐसा कोई काल हो जिसमें ज्ञानी ना हो तो फिर पूरा मोक्ष का मार्ग विलीन हो जायेगा। ऐसा तो हो ही नहीं सकता चाहे पाँचवाँ आरा हो या भयंकर छठाँ आरा हो। हाँ, ज्ञानी का वर्तन जिस प्रकार का समय है उस समय के अनुरुप होगा। और इसलिये ऐसे समय में उनको पहचानना कठिन होता है। जैसे - जैसे दुषम काल बढ़ता जाता है, वैसे वैसे ज्ञानी की पहचान भी उतनी ही कठिन होती जाती है। कहने का आशय यह है कि तीनो काल में मोक्ष का मार्ग या आत्मज्ञान यह ना हो ऐसा हो नहीं सकता पर जैसे जैसे काल की दुःषमता बढ़ती जाती है ज्ञानी को पहचानना अति दुष्कर होता जाता है। क्योंकि जैसे दुषम काल बढ़ता जाता है तो अनेक दुष्ट लोगों के साथ ही परिचय होता है और उन लोगों के साथ शुभ प्रकार से परिचय में हों तो देखनेवाला तो ऐसा ही सोचता ये दुष्ट और ये ज्ञानी ऐसा कैसे हो सकता है! दोनो ही दुष्ट होंगे। खूब गहराई से विचार करना।

इसी कलयुग में परम कृपालु देव लगभग केवलज्ञान की दशा तक पहुँच गये थे। जन्म से उन्हें चार ज्ञान की प्राप्ति थी तो भी कितने लोग उन्हें पहचान सके? बड़े बड़े आचार्य भी उन्हें पहचान तो नहीं पाये ना?

कहने का आशय यही है कि जैसे जैसे दुःषम काल आता है, ज्ञानी को पहचानना मुश्किल होता है। पर मार्ग तो रहता है।

अगर अत्यंत तीक्ष्ण दृष्टि हो तो ज्ञानी पुरुष को पहचाना जा सकता है। ज्ञानी जब तक दीक्षीत नहीं हैं और संसार में हैं, तब तक संसारी जीव जैसे जीते हैं उसी तरह उन्हें भी जीना पड़ता है, कर्म के कारण और लगता है संसारी जैसे ही हैं। इस काल में भी जो आत्मज्ञान की प्राप्ति करा सकें ऐसे क्षयोपशमवाले हैं पर लोग उन्हें पहचानते ही नहीं।

भगवान भगवान के रुप में आये तो कहते हैं बहुरुपिया है, जरा बच के रहना और वेश बदल कर आयें तो कहेगें मजाक करते हैं।

वर्तमान काल में भी ज्ञानी का होना संभव है परंतु ज्ञानी के स्वरुप की यथार्थ समझ ना होने से ज्ञानी की पहचान जीव को होती नहीं। **वचनामृत पत्रांक ४१६** में परम कृपालु देव कहते है –

''आत्म ध्यान की प्राप्ति प्रायः आत्मज्ञान की प्राप्ति के बिना नहीं होती! ऐसा जो आत्मज्ञान वह यथार्थ बोध की प्राप्ति के सिवाय उत्पन्न नहीं होता। इस यथार्थ बोध की प्राप्ति प्रायः क्रम से बहुत से जीवों को होती है, और उसका मुख्य मार्ग, उस बोध स्वरुप ज्ञानी पुरुष का आश्रय या संग और उसके प्रति बहुमान, प्रेम है। ज्ञानी पुरुष का वैसा संग जीव को अनंत काल में बहुत बार हो चूका है तथापि यह पुरुष ज्ञानी है, इसलिये अब उसका आश्रय ग्रहण करना, यही कर्तव्य है, ऐसा जीव को लगा नहीं है, और इसी कारण जीव का परिभ्रमण हुआ है ऐसा हमें दृढ़ता से लगता है।''

आत्मा का स्पष्ट अनुभव जिन्हें हैं और गहरे ध्यान में जो रह सकते हैं ऐसे ज्ञानी के प्रति प्रेम भक्ति और उनके बोध की प्राप्ति के कारण आत्मज्ञान की प्राप्ति होती है। समकित की प्राप्ति हो और पूरी समझ आ जाये यह कदापि संभव नहीं है। यही कारण है कि आत्म सिद्धि में भी परम कृपालु देव ने लिखा है –

''वर्धमान समकित थई,
टाले मिथ्याभास''

जैसे समकित बढ़ता जाता है, मिथ्याभास टूटता जाता है। और इसीलिये चौथे गुणस्थानक से शुरु होकर तेरहवे गुणस्थानक तक यह प्रोसेस चलती है और तेरहवे गुण स्थानक में अत्यंत स्पष्ट आत्मज्ञान प्राप्त होता है। चौथे से बारहवे क्षीणमोह गुणस्थानक तक अज्ञान का अंश रहा हुआ है। बारहवें में क्षीणमोह जब क्षय होता है उसके बाद संपूर्ण ज्ञान कहें या केवलज्ञान प्रगट होता है। अगर आज कहें कि इसे समकित है तो लोग कहते हैं, यह तो भटक रहा है। ठीक है भटक रहा है, जहाँ जा रहा है पर वहाँ समकित को लेकर जा रहा है।

ज्ञानी चाहे जैसा वर्तन करते हो, उनकी देह की क्रिया चाहे जैसी हो, पर उनकी आत्मा का बोध हृदय को स्पर्श करता है? यदि करता हों तो फिर देह की किसी भी क्रिया के साथ उसकी तुलना नहीं होनी चाहिये। ऐसा हो तो जीव की दशा बढ़ने में समय नहीं लगता।



सौजन्य : नवीनभाई शाह, मुंबई



जिनके आशिर्वाद, बोधवचन या वचन बल पर विचार करने से निश्चित मोक्ष का कारण हो ऐसे ज्ञानी भूतकाल में बहुत बार मिल चुके है, परंतु ये मोक्ष के दाता हैं ऐसी समझ कभी नहीं ली और ये संसार अच्छा कर सकते हैं ऐसी समझ लेकर संसार ही मांगा है, परिभ्रमण ही बढ़ाया है।

सातवे उच्च गुणस्थानक से लेकर दसवे गुणस्थानक तक पहुँचे हुए ज्ञानी की पहचान हो जाये, तो उनकी चेष्टा; संसार में किस तरह वर्तन करते हैं, अगर विचक्षण द्रष्टि से देखें और विचार और नकल करने में आये तो धीरे धीरे वह दशा प्राप्त होती है।

जब जब ऐसे सच्चे ज्ञानी मिले हैं, तो उनके पास वचन सिद्धि भी रहती है और जीव उनसे संसार किस तरह अच्छा करना उस संदर्भ में ही सलाह मांगता है। ऐसे आत्मज्ञानी मोक्ष का कारण या सर्व कर्मो के क्षय का कारण हो सकते हैं, ऐसा विचार जीव को कभी आता नहीं। वो ज्ञानी हैं ऐसा समझता है, पर ज्ञानी का अर्थ, आत्मज्ञानी नहीं समझता। बल्कि इनके पास बहुत सी सिद्धियाँ हैं और ये मुझे जो चाहे दे सकते हैं, ऐसा समझता है। मतलब जब जब सच्चे ज्ञानी मिले, उनकी सही पहचान ना होने से, संसार की मांग ही उनके पास होती रही।

''जिसके वचन बल से जीव निर्वाण मार्ग को पाता है, ऐसी सजीवन मूर्ति का योग पूर्वकाल में जीव को बहुत बार हो गया है, परंतु उसकी पहचान नहीं हुई है। जीव ने पहचान करने का प्रयत्न क्वचित किया भी होगा, तथापि जीव में जड़ जमाई हुई सिद्धि योगादि, ऋद्धियोगादि और दूसरी वैसी कामनाओं से जीव की अपनी दृष्टि मलिन थी। यदि दृष्टि मलिन हो तो वैसी सत्मूर्ति के प्रति भी बाह्य लक्ष्य रहता है, जिससे पहचान नहीं हो पाती।''

वचनामृत पत्रांक २१२

जिनके आशिर्वाद, बोधवचन या वचन बल पर विचार करने से निश्चित मोक्ष का कारण हो ऐसे ज्ञानी भूतकाल में बहुत बार मिल चुके है, परंतु ये मोक्ष के दाता हैं ऐसी समझ कभी नहीं ली और ये संसार अच्छा कर सकते हैं ऐसी समझ लेकर संसार ही मांगा है, परिभ्रमण ही बढ़ाया है। जीव को जैसी चाहिये वैसी सच्ची समझ ही ना हो तो फिर उसे जो सही लगता हो अर्थात् संसार, तो उसके सिवाय वह मांगेगा भी क्या? मोक्ष का जो सुख है, वैसा सुख इस संसार में मिले, ऐसी अपेक्षा ज्ञानी से रखता है और मांगता है। जो सच्चे ज्ञानी ना हो वो जिससे उनका महत्व बढ़ता हो, मान बढ़ता हो वैसा देते भी है। उदाहरण - बैंगलोर के सत्य साईबाबा। लोगों को बाह्य चमत्कार आकर्षित करता है। वहाँ कुछ सत् या सच्चा ज्ञान है ऐसा तो कह नहीं सकते पर आत्मा की शक्ति का प्रकाश निश्चित है। और जीव वहीं भ्रम में पड़ जाता है। और कृपालु देव ने एक भी ऐसा चमत्कार बताया नहीं, तो लोग उन्हें पहचान भी नहीं सके।

आत्मा की पहचान के बिना और आत्म शक्ति से ऋद्धि-सिद्धि को प्राप्त किये हुए गुरु हों तो जीव भ्रम में पड़ता है और संसार ही मांगता है। ◆

ॐ शांतिः शांतिः शांतिः

(समाप्त)

नोंधः पूज्यश्री द्वारा दिये गये 'स्वच्छंद' के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

SHRIMAD RAJCHANDRA VACHANAAMRUT

Patrank : 37

(Continued from last issue)

We learned in the last issue that .....

* **I received the letter written by you, yesterday evening. Your inclination for the truth was particularly satisfying.**
* **In infinite lifetimes, one has tried to appear good to the World but that has not resulted in any good since *paribhraman* and its causes have been ever present. One *bhav*, if utilized in good of *Aatma*, can make up for wastage of infinite *bhav*, is what I have humbly learnt and am engaged in doing only that.**
* **To free from this great bondage, whatever means, things that seem best, to be adopted, is the belief.**
* **Why then to consider agreeability, non agreeability by the World?**
* **No matter what it says, if *Aatma* is getting freed of it's bondage, is achieving equanimity, it should be done.**
* **Thus, for all times, one will be able to overcome fame and disrepute.**

..... and continue herein below with

Presently, his and his followers' thoughts about me are clear in my mind; but, these are best forgotten.

I am aware of the ill, spoken by others about me but that is best erased from memory. The only thing to keep alive in memory is how to realize self *(Aatma)* and if that is already achieved, how to remain within.

What (hurtful) others speak or opine about us should be forgotten, the next moment. Till all such things of past are live in memory, even after a long period of 5 or more years, the angst or the resentment (towards the other person) is immediately felt, simply with the presence of the *nimitt* (perpetrator, who has caused earlier). This proves that the resentment has been kept alive and has been carried over the entire period. *Aartdhyaan* (act of carrying resentment) actually results in *adhikaran* (compounding)

Aartdhyaan (act of carrying resentment) actually results in _adhikaran_ (compounding) meaning, the original resentment keeps getting enhanced without any fresh incitation.

With Best Compliments :
Urvi Anish Shah, Mumbai

meaning, the original resentment keeps getting enhanced without any fresh incitation.

Instead of devoutly observing *Aatmdharm* and thereby, ridding *Aatma* of *karm*, we observe some *kriya* (rituals) and staunchly believe that to be the true path. Not stopping at that, we are deeply attached (*raag*) towards what we do and despise (*dwesh*) or hold false, what others do. This way, how can *Aatma be* rid of *karm?*

To the extent we are able to put the past in past and are unworried about the future, we are creating an atmosphere conducive for *kalyan* of *Aatma.*

Denial is the typical reaction when one is faced with criticism from others and feels the other person is ignorant. A sincere follower of *Aatmadharm* would always introspect and look from the others' point of view – how or in which way the other person has found fault in me. Such follower would never try to defend self.

Mere thought to defend must not arise. No reaction should occur and one can experience, how fast *Aatma* progresses. Defending amounts to *ahambhaav* (ego) and causes new karm for Aatma.

(You) Please remain fearless.

Today, in the name of religion, intense quarrels and *raag-dwesh* take place.

We have ascended on the path of *Aatmdharm.* Due to *raag* for me, if *dwesh* is caused for those who oppose me, it is very detrimental for *Aatmkalyan*. Please be reassured that such incidents will cease and *Aatma* will definitely progress.

No matter what anyone speaks about me, you please remain quiescent.

If someone says you are mad, never try to defend. The other person says so, based on his knowledge and understanding. Why should we interfere in his understanding?

No matter what our relatives' or associates' opinion for us, instead of attacking that opinion by defending ourselves, we should remain quiet. Quiet, not just by way of speech but also, within. Mere thought to defend must not arise. No reaction should occur and one can experience, how fast *Aatma* progresses. Defending amounts to *ahambhaav* (ego) and causes new karm for *Aatma.*

Please do not delight or sorrow for others.

No matter what the others say (for you), please remain equanimous and do not get elated or depressed with praise or criticism of others.

Please bear in mind the One, who is a God to the one you adore – *Parmatma Jin Maha* Yogindra like Parshvanath.

Tirthankar Bhagwan have completely extinguished all *ghati* (those which affect *Aatma) karm* and have achieved extraordinary state of *Aatma. Yogindra* is the One who has completely nullified the *yog* (activity – effect of) relating to *man* (mind), *vachan* (speech) and *kaya* (body). Param Krupalu Dev declares that such *Yogindra* Parshvanath *Bhagwan* is my desired deity. HIS state is desired by me and is only what I want.

We should remember that the goal is to free *Aatma* by *releasing completely* from all *(karm)* bondage.

PrashastaRaag

Adoration towards the One who shows the True Path towards *Moksh*, is *prashastaraag* – praiseworthy and imitable.

If one is able to come in contact with someone, who can cause an end to the infinite wanderings, unprecedented adoration and adulation arises towards such person. A secret process then starts and continues in his *Aatma*, due to which the acutely complex and secretive Path becomes perceptible. Other than this, no matter how many rituals and creeds one observes, *Aatmgyaan* cannot be the result.

Remaining free of illusion, desire permanent freedom.

Please remain illusionless in a way to avoid *raag-dwesh*. Remain aware that "I am *Aatma*". I only desire *karm* less state of *Aatma*.

To act as per any emotion is *bandh* (bondage) and to be able to remain uninfluenced by emotion and be equanimous, is *muktdasha* (freedom).

Remain focussed on how to rid myself of the causes of *bandhan.*

One can acutely desire or love only one thing, being or person at a time. It is not possible to have the same level of feelings towards another, at the same time. When such love is towards something of the material world, how can similar love be felt for 'other worldly'? Even though someone may feel that I am treading on the Path, at most, he or she could be doing a bodily or mental act. Union of his *Aatma* with that of the Master, cannot happen, which is the main requirement or goal.

There is an inverse relationship. The more one is infatuated with objects in *sansaar*, the less one is inclined towards causes of *mukti.* Till the need for *mukti* is powerfully felt, where is the question of being free?

The adoration or infatuation or fascination for objects of *sansaar* must get destroyed from the roots. This does not mean that one should run away from these objects. Being in close proximity, all the time, if one remains unaffected, has no desire towards the objects, that is *nirmohipanu* (illusionlessness). ◆

(To be Continued)

Aum Shanti: Shanti: Shanti

If one is able to come in contact with someone, who can cause an end to the infinite wanderings, unprecedented adoration and adulation arises towards such person. A secret process then starts and continues in his *Aatma*, due to which the acutely complex and secretive Path becomes perceptible.

Note: This translated and edited version of Pujya Prem Acharayji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan

With Best Compliments :
Kaushal Montu Desai, Mumbai

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ભવ્ય મંદિરની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી

■ હરેન્દ્રભાઈ દોશી





તા. ૨૧-૦૪-૨૦૧૬નાં રોજ કોલકાતા મધ્યે પૂર્વ ભારતમાં સૌ પ્રથમ નિર્માણ પામેલ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના મંદિરનાં ઉદ્‌ઘાટનની પ્રથમ વર્ષગાંઠની ઉજવણીરૂપે સંસ્થા દ્વારા ત્રિદિવસીય કાર્યક્રમનું મુંબઈથી પધારેલ પરમ પૂજ્ય પ્રેમાચાર્યજી (પ.પૂ. પપ્પાજી) ના સુશિષ્ય તથા મુમુક્ષુઓના પરમાર્થ સખા, પૂજ્યશ્રી નિલેશભાઈ મહેતાનાં સાંનિધ્યમાં તા. ૦૮-૦૪ થી તા. ૧૦-૦૪ દરમિયાન અત્યંત સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

પવિત્ર એવા ભક્તિમાર્ગમાં સમાયેલાં ત્રણ ભાવો ''પ્રેમ, શ્રદ્ધા તથા અર્પણતા''ને આવરી લેનાર ત્રિદિવસીય કાર્યક્રમમાં સંસ્થાના સર્વ મીરાબહેનોએ પ્રથમ દિવસે મોક્ષમાર્ગની આરાધનામાં સદ્‌ગુરુ પ્રત્યેના પોતાના પ્રેમાત્મક ભાવોને પારૂલબેન ગાંધીના નેતૃત્વમાં, સુંદર રીતે રજૂ કર્યા. પૂજ્ય નિલેશભાઈએ મીરા બહેનોને પ્રેમ તત્વ દ્વારા કઈ રીતે વિકાસ સાધી શકાય તેનું યથાયોગ્ય માર્ગદર્શન આપ્યું.

બીજા દિવસે સવારના 'શ્રદ્ધા એ મોક્ષમાર્ગનું બીજ છે' ના ભાવોની અભિવ્યક્તિ કરતાં રાજ ઈન્ટરનેશનલ યુથ ફોરમ (RIYF)ના લીલવા, હાવરા, બડા બઝાર, ભવાનીપુર તથા ટોલીગંજ સેન્ટરના યુવા - મુમુક્ષુઓએ અત્યંત ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક અનેરી રીતે પોતાના ભાવોને રજૂ કર્યા. આ યુવાવર્ગમાં સત્‌ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનો કંઈક અનેરો ઉત્સાહ ઝળકી રહ્યો છે તે તેમનાં દ્વારા પ્રસ્તુત થયેલાં કાર્યક્રમોથી જણાઈ આવતું હતું.

બીજા તબક્કાના કાર્યક્રમના પ્રારંભમાં શ્રી નિલેશભાઈ ગાંધીએ પોતાનાં વક્તવ્યમાં જણાવ્યું કે, ''પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીનાં માર્ગદર્શને આ પવિત્ર સ્થળ ભવનમાંથી મંદિરમાં પરિવર્તન પામ્યું અને તા. ૨૧-૦૪-૨૦૧૫નાં તેઓશ્રીનાં વરદ હસ્તે વિધિપૂર્વક આ મંદિર મધ્યે ભગવાન મહાવીર સ્વામી તથા તેમનાં અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટની સ્થાપના થઈ. કોલકાતાના મુમુક્ષુઓની છેલ્લા ૧૫ વર્ષની પરમાર્થિક યાત્રાનું આ એક ટર્નિંગ પોઈન્ટ છે.





આ મંદિર મુમુક્ષુઓ માટે દરરોજ સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી પરમાર્થ પુરુષાર્થને વેગ આપનાર એક પવિત્ર સ્થાન રૂપે હાજર છે. મીરા બહેનો, હરિભાઈઓ, યુવાવર્ગ તથા ૧૫ વર્ષથી નીચેનાં બાળકો માટે ગ્રુપ સત્સંગ દરરોજ સમય મુજબ નિયમિત ચાલી રહ્યા છે. દરરોજ સવારે ૭ કલાકે નિત્યક્રમ અને સાંજે ૭ કલાકે દેવવંદન કરવામાં આવે છે. આ સિવાય મંદિર મધ્યે પુસ્તકાલય તથા ધ્યાનખંડ પણ છે જ્યાં મુમુક્ષુઓ ધ્યાન, વાંચન, વિચાર અને ચિંતન-મનન કરી પોતાનો આત્મિક વિકાસ સાધી રહ્યા છે. પરમાર્થ પ્રેરક પ્રવૃત્તિઓની સાથે ઈતર પ્રવૃત્તિઓ રૂપે સંસ્થા દ્વારા વિભિન્ન પ્રકારનાં માનવ સેવાનાં કાર્યો પણ નિયમિત રીતે કરવામાં આવે છે. વરદાનરૂપે પ્રાપ્ત થયેલ આ મંદિર અને રીસર્ચ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક મુમુક્ષુ બીજા ૫૦ મુમુક્ષુઓને સત્‌ધર્મની પ્રભાવના કરે એ રહ્યો છે.

ત્યારબાદ સંસ્થાનાં ઉપપ્રમુખ શ્રી મેહુલભાઈ પીપળીયાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને ઓડિયો-વિઝ્યુઅલ ડેમો દ્વારા સંસ્થાની ગત વર્ષની વિવિધ પ્રવૃત્તિઓથી સર્વેને અવગત કર્યા, જેમાં મુખ્યત્વે જુલાઈ માસમાં પૂજ્યશ્રી નિલેશભાઈ મહેતાની મંદિર મધ્યે સર્વે મુમુક્ષુઓ સાથે મુલાકાત, પર્યુષણ પર્વ દરમ્યાન મુંબઈ ખાતેની પરમ જ્ઞાનસભાનું જીવંત પ્રસારણ, નવરાત્રીમાં રાસ-ગરબાનો કાર્યક્રમ - રાજ સંગ રાસ, પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીનાં સાંનિધ્યમાં કાર્તિક પૂર્ણિમા મહોત્સવ, પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીના જન્મદિવસની ઉજવણી, નૂતન વર્ષના નિમિત્તે સ્પર્શ દ્વારા ભક્તિ, કોલકાતાના સર્વ જૈન સંપ્રદાયોને સાથે લઈ વિદ્યા મંદિર મધ્યેનો ''અવર તીર્થંકર્સ'' નામક ક્વીઝ કાર્યક્રમ, ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્યશ્રી જયંતમુની મ.સા.ને શ્રદ્ધાંજલિ અર્પણ કરતી ભક્તિ-શ્રદ્ધા સુમન, બાળકો માટે નિયમિત રીતે ચાલી રહેલાં રાઈઝીંગ સન ક્લાસીસ અને રાઈઝીંગ સન એક્ટીવીટી ક્લબ, મહિલા ગૃહ ઉદ્યોગ ચાકરી કૃત ખાખરા તથા ચોકલેટ્સનું વેંચાણ, રાજ રોટી દ્વારા માનવ સેવાના કાર્યો તથા મૈત્રી ઈન્ટરનેશનલ દ્વારા ચાલી રહેલી આનંદ-પ્રમોદની વિભિન્ન એક્ટીવીટીઝનો સમાવેશ થાય છે.

સાંજે વિરલભાઈ શેઠનાં દિગ્દર્શનમાં 'અપૂર્વ આરંભ લેવલ ૨' નામક એક પરમાર્થિક નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું, જેને માણવા કોલકાતાના અન્ય જૈન સંપ્રદાયનાં સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. પરમ કૃપાળુ દેવ રચિત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્માર્થી અને મતાર્થીના લક્ષણોની ગાથાઓને આ નાટ્યપ્રયોગ તથા વીડીયો ક્લીપ્સ દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવી. જૈનોના જૂદાં જૂદાં ફિરકાઓમાં કયા માર્ગે અને કેવી રીતે મોક્ષની પ્રાપ્તિ થાય તે મુદ્દાઓને

સૌજન્ય : ફાલ્ગુની ગીરીશ શાહ, મુંબઈ

કોર્ટરૂમના દ્રષ્ય દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા જેમાં બન્ને પક્ષે નક્કર દલીલો દ્વારા જ્ઞાન અને આનંદનાં વાતાવરણમાં અત્યંત સુંદર રીતે રજૂઆત કરી પ્રેક્ષકોને અંત સુધી જકડી રાખ્યાં. નાટ્યપ્રયોગના અંતે સુપ્રિમ કોર્ટના નિર્ણય દ્વારા બન્ને પક્ષ ભગવાન મહાવીર સ્વામીના અનેકાંતવાદનો સિદ્ધાંત માન્ય રાખે છે અને સ્વીકારે છે. ભગવાન મહાવીર સ્વામીના અનેકાંતવાદના સિદ્ધાંતને સિદ્ધ કરતાં આ નાટકને સર્વે ઉપસ્થિત જનોએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક માણ્યું.

અંતમાં સમાપન કરતાં પૂજ્યશ્રી નિલેશભાઈએ જણાવ્યું કે, ''આપણામાં જ્યાં જ્યાં મતાર્થીપણું હોય તેને છોડાવીને આત્માર્થી થવાનું છે અને આત્માર્થીની એક્ટીંગ કરતાં કરતાં એક દિવસ સાચે જ આત્માર્થી થઈ જવાનું છે.''

રવિવારના સવારના ભક્તિનું આયોજન કરવામાં આવ્યું. ત્યારબાદ ''રાજ શાલા''ના ૧૫ વર્ષની નીચેનાં બાળકોએ ભક્તિમાર્ગના અંતિમ ચરણમાં રહેલાં અર્પણતાના ભાવોને વિવિધ વેશભૂષા તથા સંવાદોનાં માધ્યમે સભા સમક્ષ રજૂ કર્યા જેમાં રાધાની કૃષ્ણ પ્રત્યેની અર્પણતા, પ્રહલાદની ભગવાન વિષ્ણુ પ્રત્યેની અર્પણતા, નરસિંહ મહેતાની કૃષ્ણ પ્રત્યેની અર્પણતા અને છેલ્લે પરમ કૃપાળુ દેવના શિષ્ય અંબાલાલભાઈનો તેમનાં પ્રત્યેનો અનન્ય સેવાભાવ વગેરેનો સમાવેશ થાય છે. બાળ કલાકારોની સુંદર વેશભુષા તથા સંવાદો બોલવાની શૈલી સર્વેનું આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું.

ત્યારબાદ પૂજ્યશ્રી નિલેશભાઈએ પરમ જ્ઞાનસભાની શરૂઆત કરતાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના ભાવોની વિશેષ સમજણ આપી તથા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી પત્રાંક ૧૯૫ પર વિશેષ પ્રકાશ પાડતાં કહ્યું કે, ''અનંતકાળનાં પરિભ્રમણમાં આ જીવે પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ પ્રત્યે ઉત્કૃષ્ટ ભક્તિ કરી નથી. તે જ કારણે આ ભવભ્રમણમાં ફરી ફરી ભટકવું પડે છે. અન્ય વિકલ્પોને ત્યાગી મોક્ષમાર્ગની ઈચ્છા ઉત્પન્ન કરવી જોઈએ અને તે ઈચ્છા સત્સંગનાં નિમિત્તે થાય છે. આ મોક્ષમાર્ગ સાચો છે તે મારે અનુભવે કરી જાણવો છે એવો અભિગમ રાખવો જોઈએ. વ્રત, નિયમ, ધ્યાન બધું જ આ જીવે કર્યું છે પણ પરિભ્રમણ અટક્યું નથી કારણ કે એ લક્ષ જ નથી કર્યો. સત્પુરુષાર્થ આપણને લક્ષ તરફ લઈ જાય છે.'' મુંબઈથી પધારેલ સંસ્થાના ઓલ ઈન્ડિયા સ્પીરીચ્યુઅલ હેડ, શ્રી નિરંજનભાઈ લાપસીયા દ્વારા બપોરના હરિભાઈઓની પરમાર્થિક શંકાઓનું સમાધાન કરવામાં આવ્યું. ત્યારબાદ હરિભાઈઓના જુદા જુદા સત્સંગ ગ્રુપ દ્વારા પૂજ્યશ્રી નિલેશભાઈ તથા પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી પ્રત્યે પોતાના અર્પણતાના ભાવોને જુદી જુદી શૈલીમાં અભિવ્યક્ત કર્યા.

કોલકાતાના સર્વે મુમુક્ષુઓએ મંદિરની પ્રથમ વર્ષગાંઠની ઉજવણીરૂપે યોજાયેલા આ ત્રિદિવસીય કાર્યક્રમને પૂજ્યશ્રી નિલેશભાઈ મહેતાનાં સાંનિધ્યમાં અત્યંત ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક માણ્યો. ◆





ભગવાન શ્રી મહાવીરનો સંદેશ

■ **મીના શેઠ,** મુંબઇ

मोक्षमार्गस्य नेतारं,
भेतारं कर्मभूभृताम्:
ज्ञातारं विश्वतत्वानां,
वंदे तद् गुण लब्धये।

મોક્ષમાર્ગનાં નેતા, મોક્ષમાર્ગે લઈ જનારા, કર્મરૂપી પર્વતને ભેદનારા, સમગ્ર તત્વના જ્ઞાતાને તે ગુણોની પ્રાપ્તિ અર્થે હું વંદુ છું.

ભગવાન મહાવીરે પોતાની વિશિષ્ટ સાધનાનાં બળે મેળવેલ આત્મસાક્ષાત્કારનાં ફળની પ્રભાવના રૂપે આત્મા જ પરમાત્મા બને છે એ સંદેશ જગતને ભેંટ આપ્યો હતો. એ સંદેશના વ્યવસ્થિત પ્રસારણ તથા આચરણ માટે ચતુર્વીધ સંઘરૂપ તીર્થની સ્થાપના કરી ધર્મદેશના આપી હતી.

આપણા પ્રત્યક્ષ માર્ગદર્શક પરમ પૂજ્ય શ્રી પ્રેમાચાર્યજીની વાણી દ્વારા પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના વચનામૃત વડે ભગવાન શ્રી મહાવીરનો સત્ય અને અહિંસા પરમધર્મ પ્રકાશિત

સૌજન્ય : સાચી કેતક દેઢિયા, મુંબઈ

થઈ રહ્યો છે.

અનાદિકાળથી જીવને મુખ્ય અજ્ઞાન 'હું કોણ છું ? ક્યાંથી આવ્યો ?'નું ભાન નથી. ઘોર મિથ્યાત્વમાં રાગ, દ્વેષ, મોહ, માયાની મલિનતાને કારણે પામર બનેલો અશુદ્ધ આત્મા જ, જો પુરુષાર્થ કરી બધી મલિનતાને દૂર કરે તો સ્વયં પરમાત્મા બની શકે છે.

આ આત્મતત્વને સંપૂર્ણપણે જાણનારા, નવ તત્વો, છ દ્રવ્યો, અનંતાકર્મોનાં વિજ્ઞાનમાં મુખ્ય આઠ કર્મને જાણીને, તે કર્મોનો ક્ષય કરનારા વીતરાગી શ્રી ભગવાન મહાવીર આ જગતના The Greatest Scientist છે.

પરમ કૃપાળુ દેવ પત્રાંક ૧૯૪માં કહે છે, ''કોઈપણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સતનો માર્ગ મળે છે, સત્ પર લક્ષ આવે છે. સજીવનમૂર્તિના લક્ષ વગર જે કાંઈ કરવામાં આવે છે તે જીવને બંધન છે. અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તો પણ પોતે પોતાની રીતે જ્ઞાન પામે નહીં પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતઃમુર્હુતમાં પણ કેવલજ્ઞાન પામે.'' આજ સંદેશો (આચારંગ સૂત્રમાં) સુધર્માસ્વામી જંબૂસ્વામીને ઉપદેશે છે, ''જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીર ભગવાને, અમને કહ્યું છે કે ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામી મોક્ષને પ્રાપ્ત થયા. એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં આ જ વાત કહેવાનો લક્ષ છે.'' 'આણાએ ધમ્મો, આણાએ તવ્વો.' આજ્ઞાનું આરાધન એજ ધર્મ, આજ્ઞાનું આરાધન એજ તપ.

સદ્ગુરુને આધિન થઈ વર્તવા જીવને શ્રી ગૌતમસ્વામી, શ્રી લઘુરાજસ્વામી જેવો 'વિનય' ગુણ કેળવવો આવશ્યક છે. પ્રભુ મહાવીરે એમનાં સંદેશમાં વિનય એ ધર્મનું મૂળ છે એમ જણાવ્યું છે. વિનય ગુણની ઉપાસના કરવા માટે હું કાંઈ જાણતો જ નથી એ ભાવ સાથે જ્ઞાનીના શરણે જવાથી અહંકારના ચૂરેચૂરા થઈ જાય છે, કેમકે સદ્ગુરુની સમક્ષ જતાં જીવનો અહંકાર ગળી જઈ સત્ધર્મનો પ્રકાશ થાય છે. માટે સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી, નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી મહાવીરપ્રભુએ કહી છે.

ભગવાન મહાવીરના અહિંસા પરમોધર્મમાં દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્યના સર્વ સંદેશ સમાઈ જાય છે. અહિંસા એ આત્માનો ગુણ છે. જ્યારે જીવને આત્મબોધ થાય છે કે હું આત્મા છું ત્યારે તેની સૂતેલી ચેતના જાગૃત થાય છે. પોતે આત્મા હોવા છતાં અનંતકાળથી પોતે પોતાને જ ભૂલી જઈ સ્વયંની પળે પળે કેટલી હિંસા કરી છે. જે પોતે તો જીવ્યો નહીં એ બીજાને કેવી રીતે જીવવા દે એવા અપૂર્વ વિચારથી જીવને સ્વદયાનું ભાન થાય છે. આવું જ્ઞાન જ્યારે થાય છે ત્યારે જ જીવ ઘરના કે આસપાસના બીજા જીવોને દુઃખ ન થાય, હિંસા ન થાય તેમ યત્નથી, ચીવટપૂર્વક વર્તી શકે, બીજા જીવોનો ભાવ સુધરે, દુર્ગતિ ન થાય અને મોક્ષનું કારણ થાય એવી ભાવદયા પ્રગટ થાય. છ કાયના જીવો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને અસહાય જીવોને જીવ જાણીને સર્વ જીવોની રક્ષા કરવી એવી પરદયા પ્રગટે. મારા ભાવો કેવી રીતે શુદ્ધ નિર્મળ થાય અને મારામાં સમ્યક જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, તપ કેવી રીતે પ્રગટે એવા સૂક્ષ્મ વિચારે સ્વરૂપ દયા પ્રગટે. સદ્ગુરુએ જે સ્વરૂપ કહ્યું છે અને પ્રગટ કર્યું છે તે શુદ્ધ સ્વરૂપ જ સાધવા યોગ્ય છે. 'જિન પદ નિજ પદ એકતા, ભેદભાવ નહિ કાંઈ' એમ વિચારતા, સમ્યકદર્શનની પ્રાપ્તિ થતાં હું આત્મા છું, સર્વ જીવો પણ સિદ્ધ સમાન આત્મપ્રભુ છે ત્યારે ભગવાન મહાવીરે પ્રકાશેલો સત્ધર્મ સમજાય છે.

'સર્વ જીવનું ઈચ્છો સુખ, મહાવીરની એ શિક્ષા મુખ્ય.' નિર્મળ દયા અહિંસા ધર્મથી પ્રગટ થાય છે.

ભગવાન મહાવીરે કહ્યું છે, 'ક્ષમા વિરસ્યભૂષણં.' ક્ષમાભાવ એ શૂરવીરોનું આભૂષણ છે. 'ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.' પરમ કૃપાળુ દેવે કહ્યું છે, 'કોઈનો દોષ નથી, અમે કર્મ બાંધ્યા છે માટે અમારો દોષ છે.' આ અદ્‌ભૂત વચન પર ઊંડાણથી વિચાર કરતાં સમજાયું કે જગત આખુ નિર્દોષ છે. સૌથી પ્રથમ આ આત્માની ક્ષમા યાચું છું અને સંસારના સર્વ જીવો પ્રત્યે હૃદયથી ક્ષમા માગી ખમાવું છું. મારો જ દોષ છે એવો બોધ આત્મામાં ટંકાઈ ગયો છે એજ પ્રત્યક્ષ સત્પુરુષની કૃપા દ્રષ્ટિ છે.

ભગવાન મહાવીરનો બોધ નિરંતર મૈત્રી, પ્રમોદભાવ, કરૂણાભાવ, ઉપેક્ષાભાવ હૃદયમાં ગોઠવાઈ ગયા છે. સમતાભાવ એ આત્માની અદ્‌ભૂત ઊંચી દશા છે. એનો આંશિક અનુભવ જ્યારે રહ્યા કરે ત્યારે ક્ષમાભાવ પ્રગટી મોક્ષના ભવ્ય દરવાજામાં એન્ટ્રી મળે છે. આ જ છે શ્રી મહાવીરપ્રભુનો વીતરાગ માર્ગે પ્રયાણ કરવાનો સંદેશો.

સર્વ મતોએ જે જ્ઞાન બતાવ્યું છે તે મહાવીર પ્રભુનાં તત્વજ્ઞાનનાં એક ભાગમાં આવી જાય છે. એમનું કથન સ્યાદવાદ પ્રકારનું છે. આ શૈલીને સમજવા માટે પૂજ્યશ્રીનું વચન છે, 'બીજાઓનાં અભિપ્રાય કેવી રીતે સાચા છે, તે વારંવાર વિચાર્યા કરવાથી અને તેને સિદ્ધ કરવાથી સર્વ દર્શન સમન્વય થાય છે, માટે ગમે તેમ કરી બીજાનાં અભિપ્રાય સમજવા પ્રયત્ન કરો જ. પોતાનો અભિપ્રાય ૧૦૦ ટકા સાચો છે તેમ સમજ્યા પછી પણ બીજાનાં અભિપ્રાયને સાચો સમજશો ત્યારે નવી અલૌકિક દ્રષ્ટિ ઉઘડશે, જેનો વિકાસ થતાં દ્રષ્ટિ દિવ્ય બની જાય છે.' આમ મતમતાંતરોમાંથી, ભેદાભેદમાંથી આત્મા મુક્ત થતાં વીતરાગનો મૂળ, પરમ શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે એ સમજાતાં, કૂળ સંપ્રદાયનાં આગ્રહો, માન્યતામાંથી નિવૃત્ત થવાનો ભગવાનનો સંદેશો બોધરૂપે પરિણમે છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે, 'એક આ જીવ સમજે તો સહજમાં મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે નથી. સમજવાનું એટલું જ કે પોતે પોતાથી ગુપ્ત કેવી રીતે રહી શકે ? જે મારા નથી તેને મારા માનવા તે જ સંસાર છે અને અજ્ઞાન છે, નરકાદિગતિનો હેતું પણ તે જ છે, તે જ જન્મ મરણ છે, જ્યાં તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે અને એજ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન છે.'

ભગવાને અત્યંત કરૂણા કરી સંદેશ આપ્યો કે હે જીવ ! તું ચારે ગતિના તીવ્ર દુ:ખને પામ્યા પછી અમૂલ્ય મનુષ્યજન્મ પામ્યો છે. હવે એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં અને જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત સ્વરૂપ રસે પરિણમી સ્વરૂપસ્થ થયા, તે પરમશાંત સ્વરૂપની ચિંતવના, ભાવ) - ચિંતવ કે જેથી તેવાં અનંત દુ:ખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખ સંપત્તિ સંપ્રાપ્ત થાય.

હે નાથ, આપે આપેલા સંદેશને પરિણમવા માટે અમારામાં આપના જેવા અદ્‌ભૂત વૈરાગ્ય- ઉપશમ બળનું આરાધન કરાવો, આરંભ અને પરિગ્રહનો અંત કરાવો, આપે આપેલા બાર વ્રતોનું પાલન કરીએ અને ઘાતિકર્મોનો ક્ષય કરી જન્મ મરણનો અંત કરીએ.

હે નાથ, આપે આપેલો બોધ મારી ચિત્ત સ્મૃતિમાં ટંકોત્કીર્ણવત્ સંદોદિત જયવંત રહે ! જયવંત રહે ! એવી નમ્ર પ્રાર્થના ◆

સૌજન્ય : ધ્રિયા રિંકેશ દેઢિયા, મુંબઈ

પ્રશ્નોત્તરી

Q. જ્ઞાની પુરુષને અત્યંત કરૂણાભાવ હોય છે તો પછી એવી અટપટી દશાથી એ શું કામ વર્તે છે કે જીવની જ્ઞાની પ્રત્યેની શ્રદ્ધા ડગમગી જાય ?

આના બે કારણ છે. પહેલું કારણ એ કે તમે કોઈ પણ જાતનો પુરુષાર્થ કર્યા વગર, કોઈના કહેવાથી એમને સત્પુરુષ માની લ્યો તો જીવનું ઘણું બધું નુકસાન થાય.

જે સત્પુરુષને ઓળખ્યા વગર કો'કના કહેવાથી માની લ્યે કે આ સત્પુરુષ છે તો પછી સત્પુરુષથી થતાં જે કંઈ ફાયદા છે એ જીવ પ્રાપ્ત ન કરી શકે. એટલે પહેલી વાર કોઈ જીવ મળતો હોય તો બને ત્યાં સુધી જ્ઞાની પોતાને ઓળખવા ન દે. જીવનો બળવાન પુરુષાર્થ એમને ઓળખવા માટે ચાલ્યા કરે, એટલે જીવ એવી યોગ્યતા પ્રાપ્ત કરે જેનાથી એને સમજાય કે આત્મજ્ઞાન એટલે શું છે ? સમદર્શિતા એટલે શું છે ? એનો ડિક્શનરી અર્થ તો ન ચાલી શકે. ચારિત્રની અંદર સમદર્શિતા કેવી રીતે છે; વિચરે ઉદય પ્રયોગ....

જે જેમ છે એને સમતા ભાવે ભોગવી લેવું એ સમદર્શિતા; આ બધા શબ્દોને ઉંડાણથી, અનુભવથી સમજવાના છે. એટલે જ્ઞાનીને કોઈના કહેવાથી ન ઓળખી શકાય. એ માટે એ પ્રયત્ન કરતા હોય કે કોઈ ન ઓળખે તો સારું.

લોકો ન ઓળખે તો પોતાની સાધના પણ સારી રીતે થઈ શકે.... લોકો ઓળખે તો માનભાવ ચોક્કસ છે, અને 'આખી દુનિયા મને ઓળખે' એ પ્રમાણે થયા કરે.

બીજું, જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી ગમે તે કર્મો સત્તામાં રહેલા છે, એ કર્મ જ્યારે હાજર થાય ત્યારે કર્મ પ્રમાણે જ વર્તન કરવું પડે. કર્મ પ્રમાણે વર્તે ત્યારે જોનાર જીવને લાગે આ તે કંઈ જાતનું વર્તન છે ? જ્ઞાની આમ વર્તી શકે છે ?

આ બે કારણથી જ્ઞાની પોતાને ઓળખાવા ન ધ્યે.

Q. આત્મા ઉપર કર્મ કયા ભાવથી, કેવા અને ગાઢ બંધાય છે તે સમજાવો.

આત્મા જ્યારે વિભાવ કરે છે ત્યારે એની અંદર



એક શક્તિ ઉત્પન્ન થાય છે અને એ શક્તિના કારણે પુદ્‌ગલ પરમાણુઓ આત્મા તરફ આકર્ષિત થઈ એના પ્રદેશ ઉપર ચોંટી જાય છે. આ પ્રમાણે કર્મ આત્માના પ્રદેશ ઉપર ચોંટી અને બંધાય છે. કેવા ભાવથી કર્મ કેટલાં ગાઢ બંધાય છે એ જે પ્રમાણે આપણે વિભાવ કરીએ છીએ અને વિભાવમાં જેટલી તીવ્રતા અને મંદતા છે એ પ્રમાણે એ કર્મ બંધાય છે. તીવ્ર એવા કોઈપણ કષાય હોય તો એ કષાયના કારણે ઘણાબધા કર્મ આત્મા ઉપર ચોંટી જાય છે અને ખાલી સહજ ઓઘે ઓઘે, ઉપર ઉપરથી જ વિભાવ કર્યો હોય તો એટલી ઓછી સંખ્યામાં કર્મબંધ થાય છે. વિભાવની જેવી તિવ્રતા એ પ્રમાણે કર્મ બંધાય અને જ્યારે ઉદયમાં આવે ત્યારે એ જ પ્રમાણે તે આત્મા પાસેથી ફળ અપાવે છે.

Q. પોતે પોતાને જાણવાની ક્રિયા કેવીરીતે થાય છે ?

સહુથી પહેલા તો એ સમજવાનું છે કે 'હું આત્મા છું' અને વારંવાર એનું રટણ અને સ્મરણ કરીને જ આપણને એ વાતનો અહેસાસ થાય છે કે, હું આત્મા છું. અત્યાર સુધી આપણો જે પ્રયાસ રહ્યો છે તેમાં આપણે પરપદાર્થ વિશે ઘણીબધી જાણકારી લઈ લીધી છે માટે એ ચીજનું આપણને જ્ઞાન છે. આજે જે વસ્તુ આપણે જોઈએ છીએ, જગતમાં જે કંઈપણ થઈ રહ્યું છે તે વસ્તુનું આપણને જ્ઞાન છે પણ જે તત્વમાં આ જ્ઞાન વસ્યુ છે તેને જ આપણે જાણતા નથી એથી મોટું અજ્ઞાન શું હોઈ શકે ? તો જે તત્વમાં આ જ્ઞાન કે જે સમજ છે અને જે જે વસ્તુ આપણે જાણીએ છીએ તે જાણનાર ને જ આપણે ઓળખી ન શક્યા તો એનાથી મોટું અજ્ઞાન શું હોઈ શકે ? વારંવાર જ્યારે આપણે બહાર જોઈએ છીએ અને જે વસ્તુની આપણને સમજણ પડે છે, તેને જાણ્યા પછી આ સવાલ પૂછવાનો છે, ''આ જાણ્યું કોણે ?'' જ્યારે આ પ્રશ્નનાં જવાબમાં વારંવાર આ જ સમજમાં આવે છે કે જાણવાવાળો 'હું આત્મા છું' ત્યારે આ જ્ઞાન સહજ થઈ આપણી સમજમાં આવશે કે બધું જાણવાવાળો જે છે તે આત્મા છે. વારંવાર આ પ્રેક્ટીસ કરવાથી જ આ અજ્ઞાન કે ''હું જાણું છું'' એ દૂર થઈ થઈ શકે છે અને મારી અંદર જે તત્વ છે એટલે કે આત્મા છે તે જ આ બધુ જાણી રહ્યો છે. એક વાક્યમાં કહેશું તો one who knows is unknown. જાણવાવાળાને જ આજ સુધી આપણે ઓળખી નથી શક્યા. તે જ આપણું સહુથી મોટું અજ્ઞાન છે અને આજ અજ્ઞાન 'હું આત્મા છું' સમજવાથી દૂર થઈ શકે છે. ◆



સૌજન્ય : જ્યોત્સના અરવિંદ ગડા, મુંબઈ

મારું સમ્યક્દર્શન

■ નીપા પરીખ



પ.પૂ. મમ્મીજી એટલે મારા સાક્ષાત સમ્યકદર્શન અથવા સાચું દર્શન. એમને જોતાં જોતાં સમજાણું કે આત્માના ગુણો (સમ્યક્દર્શન પછી) કેવા હોય ? એમનામાં પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા, શાંતતા, મૌનતા, સ્થિરતા જેવા ગુણો પ્રતીત થયાં.

પ્રેમ એટલે સ્વીકાર બુદ્ધિ, પ.પૂ. મમ્મીજીએ મને મારા કર્મસહિત સ્વીકારી લીધી, મારા શોર્ટ કમિંગ સાથે મને એક્સેપ્ટ કરી લીધી. એક્સેપ્ટ કર્યા પછી એમણે મને કોન્ફીડન્સ આપ્યો કે તું પણ આત્મા છે અને મને માર્ગદર્શન આપ્યું કે તારે આ રીતે આત્મા થઈને રહેવાનું છે...

૧. આ બાજુનું કરો - આ બાજુનું થઈ રહેશે.

૨. પરની મારે શી પંચાત, હું શુદ્ધ આત્મા છું.

૩. હર હાલ મેં ખુશ રહેના.

આ ત્રણ વસ્તુ જીવનમાં ઉતારવાથી વ્યવહાર અને પરમાર્થ વચ્ચેના કંપાર્ટમેન્ટસ થઈ ગયા, વિવેક આવ્યો કે બન્નેનું બેલેન્સ કેવી રીતે કરવું એટલે કે વ્યવહાર શુદ્ધિ કરવાથી પરમાર્થ શુદ્ધિ થાય છે.

એમનું ત્રીજું વાક્ય ''હર હાલમેં ખુશ રહેના'' મને પોઝીટીવીટી તરફ લઈ ગયું. મારો સ્વભાવ એવો કે નાની નાની વાતમાં ચિંતા થઈ જાય, ત્યારે પૂ. મમ્મીજી મને કહે કે ચિંતા કરવાથી, અગર તારા પ્રોબ્લેમ્સ દૂર થઈ જતાં હોય, તો તું અહીં ખૂણામાં બેસી આખો દિવસ ચિંતા કર્યા કર.. પછી જ્યારે ચિંતા થાય ત્યારે એમની મુદ્રા અને એમના આ વચન યાદ આવે અને એમ થતાં મન ચિંતા કરતું રોકાઈ જાય. પછી સમજાણું કે મને ચિંતા એટલે થાય છે કે જે થાય છે એમાં મારી સ્વીકાર બુદ્ધિ નથી, ઉદય માટેનો એક્સેપ્ટેન્સ ભાવ નથી, એક્સેપ્ટેન્સ આવે તો ''હર હાલમાં ખુશ રહેવાય છે.'' આવું થાય ત્યાર પછી જે થાય છે એ સારા માટે થાય છે એવું લાગ્યા કરે છે.

એમની અર્પણતા કેવી નિષ્કામ...

એમના આત્માના દર્પણ ઉપર માત્ર પૂજ્યશ્રીની જ છાપ હતી, પછી જે થાય છે એ એમના માટે થાય છે, જે

થાય છે એમની ઈચ્છા પ્રમાણે જ થાય છે. જ્યાં પોતાપણું આટલું ગલિત થઈ ગયું હોય પછી ઈચ્છા પણ પોતાની નથી રહેતી... આજ આજ્ઞાંક્તિપણાની પરાકાષ્ઠા દર્શાવે છે. અહીં આજ્ઞા આપવી નથી પડતી, આજ્ઞા ઊઠાવવી નથી પડતી, અહીં પ્રત્યેક વર્તન પરમાત્માની ઈચ્છાનુસાર થાય છે, સહજાસહજ થાય છે.

પ.પૂ. મમ્મીજીની શાંતતા એમની આંખોમાં દેખાતી હતી જ્યારે મન-વચન-કાયાના સર્વ યોગ પ્રભુને સમર્પણ હોય પછી આપણું વર્તન કર્મઆધિન નથી પ્રભુઆધિન છે; અહીં કર્મનું શાસન નથી, આત્માનું શાસન છે, એટલે ત્યાં આવી શાંતતા આવે છે. આવી શાંતતા જોઈ બીજા જીવના પરિણામો પણ શાંત થતાં જાય છે.

એમની મૌનતા, જે અહંમ સદૈવ પરમાત્માના ચરણમાં લીન રહે એ સોહમ થઈ જાય છે.

(હમ એટલે આત્મા + પરમાત્મા, અહમ એટલે જે આત્મા અને પરમાત્માને સાથે ન રહેવા દે, સોહમ એટલે સદૈવ આત્મા અને પરમાત્માનું અનુસંધાન) આવું અનુસંધાન થયા પછી ત્યાં કહેવાપણું નથી માત્ર સમજવાપણું છે, પછી ત્યાં આવી મૌનતા આવે છે.

એમની સ્થિરતા - આમ નિરંતર પરમાત્મામય રહેવાય, પરમાત્મામાં લીન રહેવાય એજ પરાભક્તિ, આવું All the time, all the way રહે એજ સ્થિરતા..

પ.પૂ. મમ્મીજી, આપ જેવા ગુણો અંશે મને પણ પ્રાપ્ત થાવ, આપને જેવો પરમઆત્મા મારો થાવ... એજ આપને ઈચ્છા અને પ્રયાચના....

પ.પૂ. મમ્મીજી...
હૃદયસખા આમ બનાય

આપ આવ્યા કલકત્તાથી મુંબઈ પરમાર્થ સાધવા,
પછી થયો પૂ. બાપુજીનો યોગ આત્મા આરાધવા,
આખું કુટુંબ લાગ્યું ધર્મ કરવા,
પૂજ્યશ્રીને આજ્ઞા મળી સત્સંગ આપવા,
બીજા મુમુક્ષુ પણ લાગ્યા આવવા,
પૂજ્યશ્રીનો બધાં સાથે લાગ્યો સત્સંગ થવા.
મમ્મીજીએ પૂછ્યું પૂ. બાપુજીને -
શું કરું આ પામવા ?
પૂ. બાપુજીએ કહ્યું ''એમના સત્સંગ માટે ભાવ
ભાવવા પણ ક્યારે ભાવ ન બગાડવા.''
આમ મમ્મીજી સત્સંગની તીવ્ર ઈચ્છા
લાગ્યા રાખવા,
અનન્ય શિષ્યપણું પ્રગટાવ્યું કરી ચરણની સેવા,
આમ મમ્મીજીએ પુરુષાર્થ કર્યો શાંત અને
સમતામાં રહેવા,
આજે એજ છે પૂજ્યશ્રીના પરમઆત્મા જેવા,
આમ આત્માને તપાવવાનો છે હૃદયસખા
બનવા.

આપનું અમૂલ્યપણું

આપનું છે અમૂલ્ય યોગ દાન,
અમને નથી એનું અનુમાન,
પૂજ્યશ્રીનું આપ કરાવો છો અમૃતપાન,
પછી નથી રહેતું તમારા ઉપકારનું ભાન,

સૌજન્ય : પ્રદિપભાઈ ગાંધી, મુંબઈ

વિસરાઈ જાય છે આપનો એહસાન,
તો ય તમે આપ્યું આટલું સન્માન,
દીધું સત્સંગીને પરિવારનું સ્થાન,
પૂજ્યશ્રી કરાવો આપનું યથાર્થ બહુમાન.

આપ છો એક બીજા માટે

તમે બન્યા છો એક બીજા માટે,
એક ભવ માટે નહીં, પણ મોક્ષપર્યંત માટે,
તમારો સાથ - આત્મા અને પરમાત્માનો,
ભક્ત અને ભગવાન - આત્માર્થનો.
તમે બન્યા છો એક બીજા માટે,
સંસાર માટે નહીં, પણ મોક્ષ માટે,
તમારો સાથ, પરમ આત્મા અને
પરમાત્માનો,
ભક્ત અને ભગવાન - પરમાર્થનો,
તમે બન્યા છો એક બીજા માટે,
બંધન માટે નહીં પણ મુક્તિ માટે,
તમે બન્યા છો એક બીજા માટે,
છતાં પણ બીજાના મોક્ષ માટે..

આપ

